મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
વલસાડ વન વર્તુળ, વલસાડ.
તારીખ :- ૦૯/૧૨/૨૦૨૧
આવક નં. :- (A) ૧૬૭૭
શાખાનું નામ :- T-14

ક્રમાંક: જમન/૩૧/બ/૫૫૪૦-૪૨/૨૦૨૧-૨૨,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેકટર ૧૦, ગાંધીનગર, તા૯/૧૨/૨૦૨૧

E MAIL

વિષય:- Diversion of 14.7031 ha. of Reserved Forest land for erection of 66 kv D/C tower line from exist 66 kv Subir substation to proposed 66 kv Morzira substation in favour of Gujarat Energy Transmission Corporation Limited in Navsari district of Gujarat State.

સંદર્ભ:- (૧) મુખ્ય વન સંરક્ષકશ્રી, વલસાડના પત્ર ક્રમાંક:-
અ/જમન/૧૪/૧૫૭૩-૭૬, તા.૦૬/૧૨/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનુ કે, કાર્યપાલક ઈજનેરશ્રી, (કન્સ્ટ્રક્શન ડિવિઝન) જેટકો, નવસારીની ૧૪.૭૦૩૧ હેક.ની દરખાસ્તમાં નીચે જણાવ્યા મુજબની ક્ષતિઓ જણાય છે.

(૧) નાયબ વન સંરક્ષકશ્રી, ડાંગ (ઉત્તર) દ્વારા તૈયાર કરવામાં આવેલ સીએ સ્કીમમાં ૨૦% સુપરવિઝન ચાર્જીસ ઉપરાંત ૧૦% વધારાની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે જેથી વધારાની ૧૦% રકમ બાદ કરી રીવાઈઝ સીએ સ્કીમ અપલોડ કરવી

(૨) ઈ-પોર્ટલ ઉપર ડાંગ (દક્ષિણ) વન વિભાગ દ્વારા પાર્ટ-II ની જગ્યાએ દરખાસ્ત સર્કલને મોકલવામાં આવેલ, તે ફોરવર્ડીંગ લેટર અપલોડ કરવામાં આવેલ છે જેથી ઈ-પોર્ટલ ઉપર પાર્ટ-II અપલોડ કરવો.

(૩) માંગણીવાળો વિસ્તાર પૂર્ણા વાઈલ્ડલાઈફ સેન્ચ્યુરીના જાહેર થયેલા ઈકો સેન્સીટીવ ઝોનમાં આવતો હોઈ ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડનશ્રીના અભિપ્રાય માટે અત્રેના પત્ર નં. જમન/ટે.૨૯/બ/૨૩૯૩-૨૪૬૨, તા:૧૮/૦૭/૨૦૨૦ થી આપવામાં આવેલ સુચના મુજબની વિગતો સાદર કરવી જેથી અત્રેથી ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડનશ્રીના અભિપ્રાય માટે જરૂરી કાર્યવાહી કરી શકાય.

(૪) યુઝર એજન્સી દ્વારા માંગણી કરવામાં આવેલ વિસ્તારમાં ડાંગ (ઉત્તર) અને ડાંગ (દક્ષિણ) નો સમાવેશ થાય છે જેથી વર્તુળ કક્ષાએથી બંને ડિવિજનની દરખાસ્ત સંકલિત કરવામાં આવેલ છે પરંતુ વર્તુળ કક્ષાએ દરખાસ્ત સંકલિત કર્યા પછી પેજ નંબર બદલવામાં આવેલ નથી જેથી નવેસરથી પાના નંબર નાંખવા.

સંદર્ભ પત્રથી ૪ પ્રતમાં મળેલ દરખાસ્ત આ સાથે પરત કરવામાં આવે છે. અત્રેની કચેરીએ દરખાસ્તની ૩ પ્રતની જ જરૂરીયાત હોઈ ઉપર જણાવ્યા મુજબની પૂર્તતા કર્યા બાદ અત્રેની કચેરીને દરખાસ્ત ૩ પ્રતમાં સાદર કરવા વિનંતી છે.

T-14

- 9 DEC 2021

આજરોજ ડાંગ(ઉ)/ડાંગ(દ) ને
ઇ.મેઇલ ફોરવર્ડ
કરવામા આવેલ છે.

(ડૉ. જયપાલ સિંહ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વલસાડ

નકલ રવાના:- નાયબ વન સંરક્ષકશ્રી, ડાંગ (ઉત્તર)/ડાંગ (દક્ષિણ) વન વિભાગ, આહવા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

D:\Land\T-31 B\All Files\All Circle\Valsad\14.7031\BQ-Letter.docx